EDITORIAL

## Height Of Hypocrisy

Presidents Donald J Trump and Xi Jinping may have more in common than we previously thought; on the evidence of the statement issued by Beijing on Thursday after one-on-one talks between the two leaders, it appears on the surface that both the US and Chinese Presidents are delusional. For, they apparently discussed how to fight terror and uphold peace and stability in South Asia without any reference to taking on or even putting any real pressure on Pakistan and its homegrown terror factory which has become a prime recruiting ground for global jihad and, of course, the font of its low-intensity war against India in Jammu & Kashmir. That the Sino-US pledge to fight terror comes at a time when Beijing has, for the fourth time in a row, thrown a technical spanner in the efforts of the United Nations Security Council to designate Pakistan-based Jaish-e-Mohammed radical cleric Maulana Masood Azhar as a global terrorist and follows on the heels of its refusal to censure Hizbul Mujahideen chief Syed Salahuddin makes the so-called anti-terror vow laughable. But New Delhi has nothing to laugh about. Given Trump's propensity to cut deals in what he perceives to be the US interest and Xi's clear focus after the 19th Congress of the Chinese Communist Party on augmenting Chinese hegemonic ambitions in Asia, India would be well advised not to dismiss the meeting between the two leaders in Beijing as a photo-op followed by the usual grand-sounding declarations which amount to nothing.

## Two perfect settings for a "Himalayan Retreat"



**New Delhi,** With the year almost coming to an end and the festive season about to kick-start, a dream vacation in the midst of luxury is sure to be on the bucket list of most. Are you too looking for that luxury escapade to the mountains? The "Himalayan Retreat"offer at Wildflower Hall, Shimla in the Himalayas – An Oberoi Resort and The Oberoi Sukhvilas Resort & Spa, Siswan Forest Range, New Chandigarh is just what you've been looking for!

8,000 acres of protected natural forest; 8,000 feet above sea level – two perfect setting for one unforgettable holiday of a lifetime! The two night stay offer at each of the properties is bound to help you relax and unwind in the peace and tranquillity of the Himalayas and enjoy picturesqueviews of the beauty of nature from the comfort of your luxurious room.

The Oberoi Sukhvilas Resort & Spa, Siswan Forest Range, New Chandigarh is a luxury spa resort with verdant views on all sides. It harmonises traditional architecture, landscaped gardens and water features, and offers spacious, luxury accommodation equipped with all modern conveniences, fine dining and an Ayurvedic spa. (20-4)

## City students learn beauty skills from expert Vaishali Shah



**Ahmedabad,** In a programme organized here in the city, renowned beauty skill expert and LTA's founder director Ms. Vaishali K Shah today addressed the students of beauty sector and explain them the significance of World Skill Competition. Ms. Shah has been responsible for coaching India's candidate on competition for World Skills Competition and explained what it means to India. The next competition is scheduled to be held in Russia in 2019.

It is to mention that Vaishali K Shah has been largely instrumental in not only designing beauty curriculum as per world standard but also played very important role in thoroughly preparing Indian candidates for the world's biggest competition for vocational skills. Each of the final contestants gets trained under her watchful supervision and direction for more than 365 days before they compete in World Skills.

Also, Ms. Vaishali K shah has been nominated as India's Beauty Skill Expert since 2013 by NSDC (National Skills Development Corporation), a semi govt. body responsible for skill India mission. Since that time Ms. Vaishali K shah has dedicated good part of her time, effort and expertise in identifying and preparing candidates who could represent India and bring glory to the country. (20-4)

# Compassion And Care: Two Faces Of The Same Coin



Compassion, one of the noblest of human emotions, and caring, frequently its manifestation, cut across social strata. Two recent events in Delhi once again underlined this perennial truth. The first had at its centre Pratima Devi, a rag-picker who cares for 400 dogs in the region of PVR Anupam in Saket. The other occurred at the high-end residential complex of World Spa in Gurugram. In the first instance, the shack in which Pratima Devi lived, and from which she cared for her canines, was demolished by South Delhi Municipal Corporation on October 30. She, however, continues to live there, in a make-shift apology of a shelter, as she would not leave them.

Winter is approaching and she is worried. The flimsy shelter will not keep the knife-edged winds out. Nor will it help when heavy rains are blown in by the winds. Adversity, however, is not new to her. Married at the age of seven to a man more than 10 years older, and who often returned home drunk and beat her, life was not happy. Finally, she left him and moved away from Nandigram in Midnapore in West Bengal where they lived. After many vicissitudes, she landed in Delhi in the early 1980s with her two sons. Settling down in the PVR Anupam complex, building a new life and continuing to look after dogs as she did in Nandigram. Slowly, their numbers grew to the present strength of 400.

While many people in the neighbourhood have helped her in her noble mission, some, animal haters, and those who view most poor as actual or potential criminals, have been harassing her. One of them is suspected to have got her shack set on fire causing her burn injuries and killing several of her dogs. No action was taken against anyone.

She, however, stayed on and continued to care for her dogs. She is doing so now. All who value compassion and caring, must give her every assistance they can. And they must also congratulate all involved in the providential rescue of a two-month old puppy — brought home from the streets with a broken leg — which fell from the 17th to the 14th floor of Tower B6 at World Spa West. A little after 8:30 pm on November 3, the puppy, Bernie, apparently, in an adventurous and celebratory mood after dinner and the removal of the plaster on her leg following the healing of the fracture, decided to have a peek down the hole leading to a shaft in the building going down to the ground floor.

Curiosity cost her dear. While what she did is unknown, the end result was that she fell into the shaft and went down. Her disappearance was first noticed by Zoha, a passionate animal lover, who frantically called her parents, Anju and Arjun Srivastava who, besides Bernie, had three other local canines and two beagles as pets. After running through several possibilities, they concluded that she must have gone down the shaft. Arjun, his son, Viramaditya and nephew Armaan, rushed downstairs to the guards' room to seek help. The guards, in turn, alerted the maintenance staff who swung into action. Figuring out that the base of the shaft was in the ground floor lobby, they made a hole in the wall to reach it only to find that there was no puppy.

They then went up to the 17th floor balcony from where Bernie had fallen and broke stone slabs to reach the shaft. That done, they flashed a torch and, fortunately, could see her below. Lowering a string tied to a stone to measure, they found that it was 35 feet to where she was, which meant it was the 14th floor and by the balcony of the flat in which Deepa and Sunil Mohindra lived.

They were out at dinner at another apartment which, as luck could have it, was also in World Spa West. Receiving a call from the guards' room that a dog had fallen down the shaft and that they needed to return to their flat for it to be recovered, they rushed back. Members of the maintenance staff who were waiting, said they would have to break a part of the wall to reach the shaft. They agreed immediately. But it was, as Sunil Mohindra put it, "a tricky job", as they had to locate the precise spot where Bernie was. The maintenance staff went up again and lowered a line attached to a stone and found that it was, indeed, 35 feet.

To reach her, they had to remove a stone slab measuring three feet by two feet to get at the tower's cement and concrete wall and make an opening through it. In all this, they had to be very careful — and also very lucky — to ensure that no part of the wall or the plaster fell on Bernie, killing her. Proceeding with extreme caution, they removed the stone slab and began hammering on the wall. After a while, when the wall had thinned somewhat, they could hear Bernie whimpering. She was alive! Now the task was to bring her out alive!

A hole was made through which a hand could go in and light from a torch showed were she was. The hole, however, was not big enough for her to be taken out. One member of the maintenance stuff held on to the puppy when the hammering resumed — both to reassure her and ensure that she did not slide further down if the wires and rubber pipes she stood on, began subsiding under the impact of the hammer blows! Finally, the puppy was out and, to everyone's relief, it looked all right except being in a state of shock.

What happened was a miracle. But it could happen because people cared. Arjun Srivastava, Vikramaditya and Armaan were on their toes until around midnight when the puppy was rescued. Deepa and Sunil Mohindra did not think twice before agreeing to have their wall broken. And the maintenance staff did much more than travel that proverbial extra mile. Concern for the puppy, this writer was told, was writ large on their faces as they worked feverishly; so were joy and relief after taking her out alive. More, while they hammered in relay in Mohindras' apartment, one held his hand on the other side of the wall, taking the full shock of each impact, to prevent pieces of plaster, that might be broken, falling on Bernie.

All of them — Raju Sah (supervisor-technical), Sandeep (electrician), Sukul Das (electrician), Anwar Hussain (lift operator), Netra Pal and Manoj (both plumbers), Brijesh (fire technician), Surendar (supervisor-security) and Madal Lal (security officer) — deserve a huge round of cheers, as does the Board of Management, headed by Siddharth Gupta, president, and represented on the spot by Vineesh, without whose support none of all this would have been possible.

# Himachal Poll Campaign Hits New Lows

While all eyes are on the outcome of the Gujarat Assembly poll on December 18, (the home State of Prime Minister Narendra Modi and BJP chief Amit Shah), the tiny mountain State of Himachal Pradesh is no less important, politically.

If the ruling Congress retains power this year, it would give a big moral boost to the party. And if it is a win for the BJP, it would mean that the winning streak for the party continues. So, stakes are high for both parties which have been traditionally alternating in power in the State.

It is, in fact, a direct fight as there is no third factor, like former Telecom Minister Sukh Ram Sharma's Himachal Vikas Congress in 1998 and 2003 and the Bahujan Samaj Party in 2007, which fielded candidates in almost every seat. In 2012, again, there was another party, the Himachal Lokhit Party, started by former State BJP president Maheshwar Singh.

Unable to find any strong leader to replace Chief Minister Virbhadra Singh, the Congress has projected the 83-year-old warhorse as its chief ministerial face. Singh has proved his worth over the past five decades but will he hold sway in the State? He is fighting a battle for survival and also to establish his son Vikramaditya Singh, who is contesting from Shimla rural.

While the Congress has been concentrating on its re-emergence in Gujarat, Himachal Pradesh has been left to the mercy of Virbhadra Singh, who is facing corruption charges in the Delhi High Court.

The Chief Minister has been campaigning single-handedly, conducting 15 to 20 meetings in two to three constituencies almost every day. Singh is old and facing strong anti-incumbency.

Second, the campaign has been a very low profile. Third, senior Congress leaders seem to have given a miss to visit the State. Except three rallies by Congress vice president Rahul Gandhi and frequent visits by former Union Minister Anand Sharma, who hails from the State, the campaign has been really pathetic.

The Congress does not even have a war room and Singh is not willing to spend money for a losing State. This has led to Prime Minister Narendra Modi making snide remarks in his campaign rallies (he has done seven rallies so far). Taking a dig at the Congress, Modi said, "No senior congress leader came here to campaign... They have the left the field leaving everything on fate".

The BJP, on the other hand, has nominated former Chief Minister Prem Kumar Dhumal as its chief ministerial face. The tilting of the dominant Rajput votes, (38 per cent) towards Singh led to a last-minute decision to declare Dhumal as the chief ministerial candidate.

Dhumal is also in his seventies. He is fighting his battle for survival as he had been sidelined after his defeat in the 2012 Assembly poll. Interestingly, both Singh and Dhumal are seeking re-election from new seats and that is not going to be easy for them.

With no dearth of funds, the BJP has electrified its campaign, blending traditional rallies, newspaper advertisements, spots on radio and television as well as visible social media campaign to woo voters. It has several vehicles mounted with huge television screens for campaign and street plays. It is also building an alternative narrative to the Congress poll campaign, touting the Prime Minister as its mascot.

Personal attacks and negative campaign dominate the elections in Himachal Pradesh. Contenders, who had alternated for two decades in power, have tailored their respective campaigns around corruption scandals against each other. The contest hinges on the twin-poll planks of corruption and development. Both sides have fielded millionaires as data shows that out of the 338 candidates in the fray, 158 (47 per cent) are crorepatis. Dhumal is also battling the party's decision to field more than two dozen candidates with criminal cases.

A confident Dhumal believes that the wind is favour of the BJP.

**DISHA RESOURCES LIMITED**

**(FORMERLY KNOWN AS ARIHANT AVENUES AND CREDIT LIMITED)**

**REGD. OFFICE:** 3, RAJESH APARTMENT, B/H. NAVGUJARAT COLLEGE, ASHRAM ROAD, INCOMETAX, AHMEDABAD-380014, **WEBSITE:** www.aacl.co.in

**PHONE: (OFF).** 2754-0790, 27543060 **E-MAIL:** info@aacl.co.in **CIN:** L74110GJ1995PLC024869

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE SECOND QUARTER AND HALF YEAR ENDED ON 30TH SEPTEMBER, 2017.**

(Rs. In Lakhs)

| PARTICULARS | Quarter ended on 30.09.2017 (unaudited) | Half Year ended on 30.09.2017 (unaudited) | Corresponding 3 months ended in the previous year 30.09.2016 (unaudited) |
|---|---|---|---|
| Total Income from Operations | 15.91 | 26.47 | 4.16 |
| Net profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 0.87 | (4.10) | (3.22) |
| Net profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 0.87 | (4.10) | (3.22) |
| Net profit/(loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 0.87 | (4.10) | (3.22) |
| Total Comprehensive Income for the period (Comprising Profit/(loss) for the period (after tax) and other comprehensive Income (after tax) | 0.87 | (4.10) | (3.22) |
| Paid-up equity Share Capital | 731.55 | 731.55 | 731.55 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | 175.58 | 175.58 | 174.4 |
| Earnings per Share (of Rs. 10/- each) (for continuing operations)<br>-Basic<br>-Diluted | <br><br>**0.01**<br>**0.01** | <br><br>**(0.06)**<br>**(0.06)** | <br><br>**(0.04)**<br>**(0.04)** |

**Notes:**

1. The above is an extract of the detailed format of Second quarter and Half year unaudited Financial Results filed with the stock exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The Full format of the Unaudited Financial Results is available on the stock Exchange website - www.bseindia.com & on company's website - www.aacl.co.in
2. The above financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 13th November, 2017.
3. The company has adopted Indian Accounting Standard ("IND AS") notified by the Ministry of Corporate Affairs with effect from 1st April, 2017.Accordingly the Financial Result for the Quarter ended on 30th September, 2017 are in accordance with IND-AS and other accounting principles generally accepted in India.

**FOR DISHA RESOURCES LIMITED**
*(Formerly Known As Arihant Avenues And Credit Limited)*

**KRISHNA AWTAR KABRA**
**MANAGING DIRECTOR**
**DIN: 00650817**

**Date : 14.11.2017**
**Place : Ahmedabad**

**SWORD AND SHIELD PHARMA LIMITED**
**CIN: L24231GJ1995PLC024809**
**Registered Office: 55, World Business House, Near Parimal Garden, Ambawadi, Ahmedabad – 380 006**
**Website: www.swordnshieldpharma.com**
**Contact: +91 98250 79759**

**Extract of Un-Audited Financial Results for the quarter and half year ended on September 30, 2017.**

**(Amount in Rs.)**

| Particulars | Quarter ended on 30/09/2017 | Quarter ended on 30/09/2016 | Year Ended on 31/03/2017 |
|---|---|---|---|
| | Un-Audited | Un-Audited | Audited |
| Total Income From Operations | 1,425.00 | 15,200.00 | 885,768.00 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (260,026.00) | (2,448,362.50) | (2,453,122.95) |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (260,026.00) | (2,448,362.50) | (2,453,122.95) |
| Net Profit/(Loss) for the period after tax ( after Exceptional and/or Extraordinary items) | (260,026.00) | (2,448,362.50) | (2,453,122.95) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | - | - | - |
| Equity Share Capital | 51,506,000.00 | 46,619,170.00 | 46,619,170.00 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | (48,836,641.00) | (48,316,285.10) | (47,987,118.55) |
| **Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-** | | | |
| Basic : (not annualized for the quarter ended) | **(0.050)** | **(0.525)** | **(0.476)** |
| Diluted:(not annualized for the quarter ended) | **(0.050)** | **(0.525)** | **(0.476)** |

**Note:-** The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the Bombay Stock Exchange (BSE Ltd.) under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and on the website of the Company.

**For, SWORD AND SHIELD PHARMA LIMITED**
**Sd/-**
**Pravinbhai Patel**
**Managing Director**
**DIN: 01877446**

**Place: Pennsylvania**
**Date: November 14, 2017**

# સંપાદકીય

## ફારુખનો વાણીવિલાસ

જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને નેશનલ કૉન્ફરન્સના વરિષ્ઠ નેતા ફારુખ અબદુલ્લાએ બફાટ કર્યો છે કે પાકિસ્તાનના કબજામાં રહેલું કાશ્મીર (પીઓકે) પાકિસ્તાન પાસેથી કોઇ છીનવી નહી શકે. ફારુખે કહ્યું કે, કાશ્મીરનો જે હિસ્સો ભારતની પાસે છે તે ભારતનો ભાગ છે. ગમે તેટલાં યુદ્ધ થાય, આ વાસ્તવિકતા નથી બદલાવાની. અબદુલ્લાએ માગણી કરી કે બંને દેશોમાં કાશ્મીરની પ્રજાને સ્વાયત્તતા આપવી જોઇએ. ફારુખે કહ્યું કે આઝાદીની માગણી બેઇમાની ભરી છે. કાશ્મીર ખીણના અનેક રાજકીય નેતાઓ ઇચ્છે છે કે ભારત સરકાર કાશ્મીરના રક્ષણની જવાબદારી ઉપાડે, રાજ્ય સરકારનો ખર્ચ ઉઠાવે અને ઉપરાંત તેમને ખીણમાં મનમાની કરવા દે. બાકીના પ્રત્યે કે દિલ્હી સરકાર પ્રત્યે પોતાની કોઈ જવાબદારી છે એ વિચાર જ તેમને માટે અજાણ્યો છે. ફારુક અબદુલ્લા આ મનોવૃત્તિનો નાદર નમૂનો છે, પરંતુ અન્ય નેતાઓની માનસિકતા આનાથી ભિન્ન નથી. તેઓ હંમેશાં સ્વાયત્તતા અને ઓછી જવાબદારીની તલાશમાં હોય છે. દિલ્હી સરકાર પર દબાણ લાવવા માટે અલગતાવાદી કે પાકિસ્તાનતરફી નિવેદનોનો આશરો લેતાં તેઓ અચકાતા નથી. તેઓ કાશ્મીરની સમસ્યાનો હિસ્સો છે, ઉકેલનો નહીં. પાક અધિકૃત કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ ગણાવનારું અબદુલ્લાનું નિવેદન શરમજનક છે. કાશ્મીરના રાજકીય ઉકેલ માટે કેન્દ્ર સરકારે દિનેશ્વર શર્માને વિષ્ટિકાર નિયુક્ત કર્યા છે. ત્યારે જ અબદુલ્લાએ આ ઉંબાડિયું કર્યું છે. ફારુખ અબદુલ્લા અગાઉ કાશ્મીર મામલે ચીન અને અમેરિકા જેવા મિત્રો ( કોના મિત્રો?)ની દરમિયાનગીરી માગી ચૂક્યા છે. અબદુલ્લા મામલાની ગંભીરતા અને સંવેદનશીલતાથી સંપૂર્ણ રીતે વાકેફ છે. એકથી વધુ વાર જમ્મુ - કાશ્મીરના મુખ્ય પ્રધાનપદની જવાબદારી સંભાળી ચૂકેલી વ્યક્તિ ખીણમાં પાકિસ્તાનની કુટિલ મનસા અને પાક અધિકૃત કાશ્મીરની સચ્ચાઈ વિશે જાણતી જ હોય. એક સાંસદ તરીકે આ પ્રકારનું નિવેદન કરતી વખતે ફારુખ અબદુલ્લા કદાચિત એ પણ ભૂલી ગયા હશે કે ભારતની સંસદે ૨૨ ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ સર્વસંમતિથી ઠરાવ પસાર કરીને જમ્મુ - કાશ્મીરને ભારતનું અવિભાજ્ય અંગ ગણાવ્યું હતું અને ઈસ્લામાબાદને પાકઅધિકૃત કાશ્મીર ખાલી કરવા માટે કહ્યું હતું. આ દૃષ્ટિએ તેમનું નિવેદન સંસદનું અપમાન પણ છે. મોદી સરકાર કાશ્મીર ખીણમાં આતંકવાદ અને અલગતાવાદ સામે કડક હાથે કામ લઈ રહી છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ડઝનબંધ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. બંધારણની કલમ ૩૫ - એ માં સુધારો કરવાની તૈયારી ચાલે છે. આ વાસ્તવવાદી નીતિથી અબદુલ્લા નારાજ છે. તેઓ ભારત સરકારની નીતિની ટીકા કરે છે, પરંતુ જમ્મુ - કાશ્મીર અને પાકઅધિકૃત કાશ્મીરની સ્થિતિમાં કેટલો ફરક છે, તે વિશે મોં સીવી લે છે. જમ્મુ - કાશ્મીરમાં સમયાંતરે ચૂંટણીઓ થાય છે ; ઈવીએમથી મતદાન થાય છે, જ્યારે પાકઅધિકૃત કાશ્મીરમાં ઈસ્લામાબાદથી નેતા લાવવામાં આવે છે. ફારુખ અબદુલ્લાએ આવાં નિવેદનો પ્રથમવાર નથી કર્યાં, જ્યારે તેઓ સત્તામાં હોય છે ત્યારે બંધારણની સીમામાં રહીને સત્તાનો મહત્તમ લાભ ઉઠાવવાના પ્રયાસ કરતા હોય છે, પરંતુ સત્તાબહાર થતાં જ તેમની અંદરનો અસંતુષ્ટ આત્મા જાગી ઊઠે છે અને પાકપરસ્ત અલગતાવાદી જેવી વાણી ઉચ્ચારવા લાગે છે.

# વિદ્યુત ઉર્જા આપણા દેશનો મહાપ્રશ્ન છે પણ અહીં અવકાશમાં વીજળીઘર સ્થાપવાની વાત છે

અવકાશમાંથી સૌરઊર્જાનું પૃથ્વી પર અવતરણ કરી તેનું વિદ્યુતઉર્જામાં રૂપાંતર કરવાની મહત્વાકાંક્ષી યોજના આકાર લઈ રહી છે. અલબત્ત, આપણે પણ પૃથ્વી પર સૌર ઊર્જાનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર કરીએ છીએ. પરંતુ ઊર્જાના પરંપરાગત સ્ત્રોતો સામે વ્યાપારી ધોરણે હાલ તે ટકી શકે તેમ નથી. આમ તો પૃથ્વીને સીધી અને આડકતરી રીતે સૂર્ય ઊર્જા પૂરા પાડે છે. પરંતુ આ ઊર્જા વાતાવરણના સ્તરોમાંથી ચળાઈને પૃથ્વી સુધી પ્હોંચે છે અને પૃથ્વી પર પણ તે મોટા પટ પર વિસ્તરી જતી હોય છે. તેથી તેનું વિદ્યુર ઊર્જામાં મોટાપાયે વ્યાપારી સ્પર્ધામાં અત્યારે તો ટકી શકતું નથી. પરંતુ એક નવા વિચારના અમલની દિશામાં પ્રયત્ન શરૂ થયા છે. વાતાવરણને પાર મળતી સૌરઊર્જા ઘણી તીવ્ર હોય છે. પૃથ્વીથી આશરે ૩૬૦૦૦ કિલોમીટર એટલે ૨૨૦૦૦ માઈલ ઉંચે વિષુવવૃત્ત પર એક કિલોમીટર પહોળાઈના પટ્ટાની કલ્પના કરો. આ કક્ષાના ૩૬૦૦૦ કિલોમીટર ઉંચે હોવાથી તે પૃથ્વીને અનુવર્તીને પૃથ્વી ફરતે પરિભ્રમણ કરતો હશે. તેને ભૂ-અનુવર્તી કક્ષા કહે છે. 'ઈન્સેટ' જેવા સંચાર ઉપગ્રહો આ કક્ષામાં જ આવેલા હોય છે. પૃથ્વી પરથી જોતાં તે એક સ્થાને સ્થિર લાગે છે. એક કિલોમીટર પહોળાઈનો ભૂ-અનુવર્તી કક્ષામાંનો પટ્ટો એક વર્ષમાં જે સૌર ઊર્જા મેળવે તેટલી ઊર્જા ખનીજતેલના શોધાયેલા અને ખનીજતેલ આપતાં તમામ સ્ત્રોતો આપે તેટલી હોય. અવકાશમાંથી સૌર પેનલો દ્વારા ઊર્જાના કિરણ પૂંજને પૃથ્વી પ્રતિ મોકલવાનો વિચાર નવો નથી. અત્યાર સુધી તે મોંઘો અને અવ્યવહારુ માની કાઢી નાંખવામાં આવેલ પરંતુ આજે દુનિયામાં ઊર્જાની કટોકટી અને પર્યાવરણ પ્રદુષણની ચિંતાએ વિજ્ઞાનીઓનું ધ્યાન તેના તરફ કેન્દ્રિત થયું છે. અવકાશસ્થિત સૌર પેનલો દ્વારા ઊર્જા મેળવવું વૈજ્ઞાનિક રીતે શક્ય છે તેવું ઘણા વખતથી સ્વીકારવામાં આવ્યું છે. તેથી અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યને વિદ્યુત ઊર્જાનો પૂરવઠો આપતી અમેરિકાની એક અગ્રેસર કંપનીએ ઉપગ્રહ દ્વારા પોતાની કક્ષામાંથી સૌર ઊર્જાની કિરણાવલિરૂપે સ્વચ્છ ઊર્જા ખરીદવા માંગે છે. ઈ.સ. ૨૦૧૬ સુધીમાં ૨૦૦ મેગાવૉટ વિદ્યુત ઊર્જા મેળવવાનું ધ્યેય છે. પૃથ્વીના વિષુવવૃત્ત પર ૩૬૦૦૦ કિલોમીટર ઉંચે સૌર પેનલોની હારમાળા ઊર્જા ઉત્પન્ન કરશે અને તે તેને રેડિયો આવૃત્તિ પ્રસારણ દ્વારા કેલિફોર્નિયા સ્થિત એન્ટેના પ્રતિ કિરણાવલિ રૂપે મોકલશે. ત્યાં તેનું વિદ્યુત ઉર્જામાં રૂપાંતર કરવામાં આવશે અને ઊર્જાની વ્યાપારી ગ્રીડમાં ઉમેરવામાં આવશે. ભૂ-અનુવર્તી કક્ષામાં રહેલ સૌર પેનલ પર બધો સમય સૂર્યનો તેજસ્વી કિરણાવલી આયાત થતી રહે છે. આ રીતે સૌર ઊર્જા આપણી ઊર્જાની જરૂરિયાતનો નોંધપાત્ર ભાગ પૂરો પાડી શકે. અલબત્ત અત્યાર સુધી આ રીતે ઊર્જા મેળવવી પરવડે તેમ ન હતી. પરંતુ આબોહવામાં આવી રહેલ બદલાવને કારણે અને સૌર પ્રોદ્યોગિકીની કિંમત ઘટતી હોવાના કારણે ઊર્જા ક્ષેત્રે આ ક્રાંતિને ઉંબરે પ્હોંચી ગયા છીએ. અલબત્ત આ રીતે ઊર્જા મેળવવા સામે અનેક પડકારો છે. તેની પ્રૌદ્યોગિકીની કિંમત ઘટવા છતાં તે મોંઘી પડે તેમ છે. પૃથ્વી પર આ રીતે આવતી કિરણાવલિ મોતની કિરણાવલી બની રહેશે અને તેના માર્ગમાં આવતાં પક્ષીઓ અને હવાઈ જહાજોને તે ભૂંજી નાખશે એવા વિચારને વૈજ્ઞાનિકોએ ખારિજ કરી દીધા છે તેમ છતાં તે એક ચિંતાનો વિષય તો છે. 'જાકસા' જાપાનની અવકાશી સંશોધન માટેની સંસ્થાનું ટુંકું નામ છે. તેનું પુરુ નામ 'જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી' છે. તે જાપાનની અવકાશી સંશોધન સંસ્થાનું અંગ છે. તેની 'એસએસપીએસ'ના ટૂંકા નામની એક મહત્વાકાંક્ષી પરિયોજના છે. તેનું પુરું નામ 'સ્પેસ સોલર પાવર સિસ્ટમ' એટલે કે અવકાશી સૌર ઊર્જા તંત્ર છે. તેની બે ભાગની બે પરિયોજના છે. એક લેસર પરિયોજના છે અને બીજી માઈક્રોવેવ પરિયોજના છે. હાલની યોજના પ્રમાણે જાપાન ૨૦૩૦માં સૌર ઊર્જા જનરેટર ભૂ-અનુવર્તી કક્ષામાં મુકનાર છે. તે એક ગિગાવૉટ (૧૦૦૦ મેગાવૉટ) ઊર્જાનું પૃથ્વી તરફ સંચરણ (ટ્રાન્સમીશન) કરશે. તે ઊર્જા પૃથ્વીની સપાટી પર માઈક્રોવેવ રૂપે કે લેસર રૂપે મોકલવામાં આવશે. લેસર અને માઈક્રોવેવ બન્ને સાદા પ્રકાશની જેમ વિદ્યુત ચુંબકીય તરંગો જ છે. તેમાં લેસરનો પ્રકાશ જ છે. સાદા પ્રકાશ અને લેસર પ્રકાશનો તફાવત દોડતા તોફાનીઓના ટોળાં અને શિસ્તબધ્ધ કૂચ કરતી લશ્કરી ટુકડી જેવો છે. લેસર કિરણાવલિ એકરંગી અને સુસંબદ્ધ પ્રકાશની કિરણાવલિ છે. તે જ્યાં કેન્દ્રિત થાય છે ત્યા અત્યંત તીવ્ર ઊર્જા આપે છે. તેની કિરણાવલિ પ્રસરે છે ત્યારે નહિવત્ ફેલાય છે. આથી લેસરનો સેરડો અત્યંત દૂર ફેલાયા વિના પ્હોંચે છે. માઈક્રોવેવ પણ વિદ્યુત ચુંબકીય તરંગો છે. તેની તરંગ લંબાઈ પ્રકાશની તરંગ લંબાઈ કરતાં ઘણી વધારે હોય છે અને તેની આવૃત્તિ (ફ્રીક્વન્સી) ઘણી ઓછી હોય છે. અવકાશમાંથી જે સૌર ઊર્જા માઈક્રોવેવ રૂપે અથવા લેસર રૂપે પૃથ્વી પર પહોંચશે ત્યારે તેનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર કરવામાં આવશે.

ત્યાંથી તેનું વ્યાપારી ધોરણે ગ્રીડમાં સંચારિત કરવામાં આવશે અથવા તો પાણીના મોટા જથ્થાનું વિઘટન કરી હાઈડ્રોજન રૂપે સંગ્રહાશે. અવકાશમાં સૌર કિરણ જમીન પર હોય તેના કરતાં પાંચથી દશ ગણુ પ્રબળ હોય છે. તેથી ઊર્જા ઉત્પાદન વધારે કાર્યક્ષમ બને છે. વળી અવકાશ સૌર ઊર્જા દિવસના ૨૪ કલાક મળે છે. વળી પૃથ્વી પર વાદળા થાય તો સૌર ઊર્જા પૃથ્વી સુધી પ્હોંચી શકતી નથી. આવી હવામાનની સમસ્યા અવકાશમાં થતી નથી. વળી આખી પ્રણાલી સ્વચ્છ રહો, પ્રદુષણ રહિત રહો, કોઈ અવશિષ્ટ (કચરો) થશે નહીં અને તે પૂરતી સલામત હશે. પૃથ્વીની સપાટી પર પહોંચતી ઊર્જાની તીવ્રતા એક ચોરસમીટર દીઠ લગભગ પાંચ કિલોવૉટ હોય છે. પૃથ્વીને મધ્ય અક્ષાંશ સ્થળે ઉનાળાના કોઈ નિરભ્ર આકાશવાળા દિવસે જે સૌર ઊર્જા સીધી રીતે મળે છે તેના કરતાં તે પાંચ ગણી છે. વૈજ્ઞાનિકોના મતે આ રીતે જે ઊર્જા પહોંચશે તે માનવ શરીરને હાનિ પ્હોંચાડશે નહીં તેમ છતાં જે વિસ્તારમાં આ ઊર્જા સંપાત થતી હશે તે વિસ્તારની વાડાબંધી કરાશે અને તે વિસ્તાર સમુદ્રના પટ પર હશે. પરંતુ આ માટે અવકાશમાં વિરાટ સંરચના ગોઠવવી પડે. પાતળા સ્તરમાં પ્રકાશને સંગ્રહે તેવી આરસીઓ, વિશાળ સૌર પેનલો અને માઈક્રોવેવ તરંગોના સંચારકો (ટ્રાન્સમીટરો) ગોઠવવા પડશે. આ સંચારકો ચાર કિલોમીટરમાં વિસ્તરેલા હશે. તે ૧૦૦૦૦ મેટ્રીક ટન વજન ધરાવતાં હશે. આ ઉપરાંત ૧૦ કિલોમીટર લાંબી લેસરના ૧૦૦ એકમોની ૫૦૦૦ મેટ્રીક ટન વજનની હારમાળા ગોઠવવી પડશે. ભૂમિ પર માઈક્રોવેવ ઝીલવાના બે કિલોમીટર લંબાઈના એન્ટેના હશે. આ એક તોતીંગ સંરચના અવકાશમાં અને ભૂમિ પર ખડી કરવામાં આવશે. દેખીતી રીતે જ અબજો ડોલરનો ખર્ચ થશે. જાપાન આ યોજના આવતા ૨૦ વર્ષમાં કાર્યરત કરવા માંગે છે. તેઓ એવી પ્રોદ્યોગિકી વિકસાવવા માંગે છે જે સ્થિર અને સસ્તી ઊર્જા આપે. તેમની ગણત્રી પ્રમાણે વિદ્યુતના એક યુનિટ એટલે કે એક કિલોવૉટ અવર દીઠ અંદાજે સવાત્રણ રૂપિયે પડશે. આજના પરંપરાગત વિદ્યુત સ્રોતોના દર જેટલો આ દર થયો. વધુ આ ઊર્જાના સ્રોત ખતમ નહીં થાય. તે પુનઃપ્રાપ્ય (renewable) એટલે અક્ષય હશે.

# સ્ટ્રેસ બસ્ટર : ભારતીય સંસ્કૃતિ અને લોકતંત્રનો ઉત્સવ

ભારતીય સંસ્કૃતિનો મુખ્ય તહેવાર પૂરો થયો લોકો પોતાના રૂટિન તરફ વળવા લાગ્યા છે. તહેવાર અને તેની ઊજવણી જીવનમાં તાજગી લાવે છે. મશીનની જેમ કામ કરનાર માણસને 'જીવતો' હોવાની પ્રતિતી તહેવારો કરાવે છે. અલબત્ત ભારતીય સંસ્કૃતિમાં સમયાંતરે વિવિધ તહેવારો આવ્યા જ કરે છે અને તે કારણે વ્યક્તિ યંત્રવત્ જીવનમાંથી વિરામ લઈ ઊજવણીનો આનંદ માણી શકે છે. વિશ્વમાં ભારત દેશ જ એવો છે જેમાં વિવિધ ભાષા, જ્ઞાતિ, સંસ્કૃતિ, ખાણી-પીણી અને ઉત્સવો છે. વિશ્વમાં મુખ્યત્વે ખ્રિસ્તી ધર્મનો ફેલાવો હોય, નાતાલથી નવું વર્ષ એક સપ્તાહની ઉજવણી પછી બીજો કોઈ તહેવાર નથી. દુનિયામાં મુસ્લિમ ધર્મ પાળતા લોકો બીજા ક્રમે છે. તેમનો મુખ્ય તહેવાર 'રમઝાન' માસ પછી આવતો ઈદનો તહેવાર છે. અન્ય ઉજવણી નથી. તહેવાર તાજગી બક્ષે છે, ઉલ્લાસ લાવે છે, ઉન્માદ ઊભો કરે છે, નવો જોશ નવો ઉમંગ પ્રસરાવે છે અને માણસ બધુ ભૂલીને એમાં જોતરાય જાય છે. આનાથી બીજો મોટો કોઈ સ્ટ્રેસ-બસ્ટર ન હોઈ શકે ! કદાચ એટલે જ વિશ્વના અન્ય દેશોના લોકોની સરખામણીએ ભારતીય કોઈપણ પરિસ્થિતિનો સામનો કરી શકે છે, ઝીક ઝીલી શકે છે. સરેરાશ ભારતીય વ્યક્તિ જલદી નિરાશ થતો નથી, સ્ટ્રેસમાં આવતો નથી. પરિસ્થિતિમાં ઝઝૂમીને વિચાર કરીને કંઈક રસ્તો કાઢવા પ્રયત્ન કરે છે. એટલે જ ભારતમાં આટઆટલી મુસીબતો, મુશ્કેલીઓ, અવરોધક પરિબળોની વચ્ચે ભારત દેશના યુવાનોએ માર્ગ કાઢી આગળ વધ્યા છે. સરેરાશ અમેરિકન, કેનેડિયન, ઓસ્ટ્રેલિયન યુવાનની સરખામણીએ ભારતીય યુવાન મનનો મજબૂત હોય તો તેની પાછળનું રહસ્ય ભારતના તહેવારો છે. ભારતમાં તહેવારો પછી લોકતંત્રનો ઉત્સવ પણ લગભગ દર વર્ષે આવતો રહે છે. વિશ્વની મોટામાં મોટી લોકશાહી પરંપરાનો દેશ અને એ પણ 'જીવંત લોકશાહી !' વિવિધ રાજ્યોમાં સમયાંતરે લોકતંત્રનો મોટો ઉત્સવ - ચૂંટણીપર્વ ચાલતો જ હોય છે. ભારત અને પાકિસ્તાન એક સાથે આઝાદ થયાં. ભારતે લોકશાહી પરંપરા જાળવી રાખી, પ્રજાએ પોતાની પસંદગીની સરકાર રચી, ઉતાર-ચઢાવ આવ્યા પરંતુ ક્યારેય લોકશાહીના આ પર્વને લજવવા દીધું નથી ! ભલે સરકાર બદલાય, બીજા પક્ષની આવે પણ સુરક્ષાનીતિ, વિદેશનીતિ કે કૂટનીતિમાં હંમેશા બધા પક્ષોએ સાથ-સહકારથી કામ કર્યુ અને એનું પરિણામ એ છે કે આવનાર વર્ષોમાં ભારત એક આર્થિક શક્તિ તરીકે ઊભરી આવવાનું છે. ધર્મના નામે વિભાજીત થયેલો પાકિસ્તાન દેશ આજે ક્યાંયનો રહ્યો નથી. પાકિસ્તાન ક્યારેય લોકશાહીને હજમ ન કરી શક્યું. પાકિસ્તાનની પ્રજા તો લોકશાહી ઈચ્છે છે પરંતુ સત્તાના મનસૂબાવાળા સરમુખત્યારો એ થવા દેતા નથી. ભારતની પ્રજાએ તો વારંવાર બતાવી આપ્યું છે કે એ પરિપક્વ છે. શિક્ષણનો વ્યાપ પ્રમાણમાં ઓછો હોવા છતાંય આટલી પરિપક્વતા હોય તો વિચારો કે શિક્ષણ મળે પછી કેટલા નેતાઓ અને કેટલા પક્ષો ટકી શકે ? લોકશાહીની વેલ્યુ, લોકશાહી નથી એવા દેશમાં રહેવાનું બને તો જ ખ્યાલ આવે કે લોકશાહી શું ચીજ છે ! અને કેટલી વેલ્યુ છે ! ભારતની બહાર ગયા ન હોય અને ભારતના લોકતાંત્રિક બંધારણે આપેલી સ્વતંત્રતાનો ગેરલાભ લેતા કેટલાંક મુસ્લિમ કટ્ટરવાદીઓ કે મુલ્લાઓ બોલી શકે કે અમે તો હિન્દુઓના ઘરમાં ઘૂસીને પણ નમાઝ પઢશું ! હિંમતને દાદ છે ભાઈ ! પણ તું ના ભૂલીશ કે તું ભારત જેવા દેશમાં રહે છે એટલે બોલી શકે છે. અન્ય કોઈ જગ્યાએ જો બોલ તો જેલભેગો થઈ જા અને હાડકા ખોખરા કરી નાખે એ તો નફામાં !

હૈદરાબાદનો ઓવૈસી હોય કે દિલ્હી જામા-મસ્જિદનો મૌલવી, મમતા બેનર્જી હોય કે રાજ ઠાકરે હોય, આ તમામ અને યાદી લંબાઈ શકે છે તે તમામ સ્વતંત્રતાનો ગેરલાભ લે છે અને ચમચાઓથી ઘેરાયેલા રહીને વાહવાહી મેળવે છે ! પ્રજાએ હવે જાગવા જેવું છે, આવા લોકોને જડમૂળથી ખેંચી બહાર ફેંકી દેવા જોઈએ. અરે એકવાર ચૂંટણી પૂરી થાય, શપથ લઈ લે પછી તે વ્યક્તિ તમામ લોકોનો વડોપ્રધાન કહેવાય. ઓવૈસી જેવો તુંડમિજાજી 'તમારા વડાપ્રધાન'' કહે છે ત્યારે આવા તુચ્છ લોકોને ચૂંટી કાઢતી પ્રજા વિશે પણ દયા જ આવે ! કૂવામાં હોય ત્યારે જ હવાડામાં પાણી આવી શકે. નબળી પ્રજાને શાણા ધારાસભ્યો, સાંસદો કે શાણી સરકાર ઝટ ન મળે. ઉતાવળે આંબા ન પાકે. ભારત વર્ષ પરિવર્તનના માર્ગ પર છે. તમારા વિસ્તારમાં હાઈવે કે બ્રિજ બનતો હોય તો છ મહિના કે વર્ષ તકલીફ પડે. પણ પછી મજા આવે. તો આ... તો આખો દેશ પરિવર્તન ઝંખે છે. થોડી રાહ જુઓ, આપ શાણા છો, શાણા લોકોને ચૂંટો, ઓટોમેટિક શાણી સરકાર આવશે. બની બેઠેલા નેતાઓને ઓળખો. ક્યારેય કોઈ પક્ષ સાથે નહીં જોડાવું આવી ગુલબાંગો ફેંકતા સ્વાર્થી કહેવાતા જ્ઞાતિ નેતાઓ જેવી જે - તે પક્ષની ટિકિટ મળે એટલે તેમાં જતા રહે છે પછી જ્ઞાતિ કેવી ને સમાજ કેવો ! હા, લડત સમાજના નામે ચાલુ રાખશે નહીંતર તેને વોટ કોણ આપે ?

પરિવર્તન સૌ કોઈ ઈચ્છે છે. વર્ષો સુધી મોટે ભાગે એકાદ રાષ્ટ્રીય પક્ષે સત્તા ભોગવી છે અને જલસાથી ભ્રષ્ટાચાર કર્યો છે. હવે પારદર્શિતા લાવવા માટે સિસ્ટમ બદલાતા સમય તો લાગવાનો જ. પવિત્રતા જેવી કોઈ ચીજ હોય તો એવી ચીજોની યાદીમાં 'લોકશાહી' પ્રથમ નંબરે આવે, મંદિર-મસ્જિદ તો છેક છેલ્લે આવે તો આવે ! ધર્મને ખરી લેવા દેવા ભગવાન સાથે નહીં, માણસ સાથે હોવી જોઈએ. આપણી કરુણા એ છે કે મંદિર-મસ્જિદ, ચર્ચ કે ગુરુદ્વારા, એટલે 'ધર્મ', એવું લોકોમાં અજ્ઞાનને કારણે ઠસી ગયું છે. ભારતમાં તમામ ધર્મો ઈંટ અને ચૂનાથી બનેલી ઈમારતો બની ગયા છે ! કેટલા મંદિરો બાંધશો ? આ ધાર્મિક ગાંડપણ જ છે. આવા ગાંડપણનો સહારો, સ્વામીઓ, બાબાઓ અને મૌલવીઓ લે છે અને મજા કરે છે ! એક નવું બંધાતુ અતિભવ્ય ધર્મસ્થાન કંઈ નહીં તો દસ હજાર માણસોને ઘરવિહોણા રાખવા માટે જવાબદાર છે.

વર્તમાન સમયના ધર્મસ્થાનો પૂરતા છે. સરકારે કાયદો લાવી આ અટકાવવાનું કાર્ય કરવું જોઈએ. જો કે સરકારનો પણ આવા સ્થાનને ટેકો હોય છે કારણ કે પ્રજા જે - તે સ્વામી કે બાબાની ભક્ત હોય છે અને તે કહે તેમ કરતી હોય છે ! નજીકમાં લોકશાહીનું પર્વ આવશે તેને સભાનપણે વોટ આપીને ઉજવીએ.

# ઘરેણાંની ગરજ સારે પામેલાની પોશ પર્સ

ઠંડીની ઋતુ આવે એટલે પાર્ટી-પર્વોની મોસમ શરૂ થઈ જાય. સાથે સાથે લગ્નસરા પણ આવી પહોંચે. પરિણામે પામેલાઓ તેમના નવા વસ્ત્રાભૂષણો તેમ જ અન્ય એક્સેસરીઝની ખરીદી કરવા લાગે. માનુનીઓની એક્સેસરીઓમાં તેની હેન્ડબેગ સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પરિધાનને અનુરૂપ પર્સ તેના લુકને વધારાનું છોગું બક્ષે છે. પણ મહત્ત્વની વાત એ છે કે વૈભવી બેગ તેના સિમ્પલ પોશાક અને લુકને પણ આકર્ષક બનાવી દે છે. તેથી જ એક્સેસરી ડિઝાઈનરો હેન્ડબેગ્સમાં પણ અર્ધકિંમતી રત્નો અને મોતી જડવા લાગ્યા છે. તેઓ કહે છે કે આવી હેન્ડબેગ ડિઝાઈન કરતી વખતે અમે એ વાતનું ખાસ ધ્યાન રાખીએ છીએ કે તે માનુનીને આકર્ષણનું કેન્દ્ર બનાવે. વૈભવશાળી પર્સની શોખીન એક મોડેલ કહે છે કે મને સ્વરોસ્કી જડેલી હેન્ડબેગ્સ અત્યંત પ્રિય છે. ખાસ કરીને સાંજની પાર્ટીઓમાં તે શોસ્ટોપરનું કામ કરે છે. તમારા હાથમાં સ્વરોસ્કી જડિત પર્સ હોય તો ત્યાં ઉપસ્થિત પ્રત્યેક વ્યક્તિનું ધ્યાન તેના ઉપર જવાનું જ. તે વધુમાં કહે છે કે મેં વિવિધ આકાર અને કલરમાં સ્વરોસ્કી જડિત સંખ્યાબંધ હેન્ડબેગ ખરીદી છે. હું આ બેગ્સ મારા ભારતીય અને પશ્ચિમી બંને પ્રકારના પરિધાન સાથે લઉં છું. જ્યારે એક ફેશન ડિઝાઈનર કહે છે કે મને રત્ન જડિત બેગ્સ ગમે છે. પ્લેન સાડી સાથે થોડું વર્ક કરેલું બ્લાઉઝ અને રત્નો જડેલી હેન્ડબેગ ઈવનિંગ પાર્ટીમાં ખૂબ જચે છે. મારા મતે તે ઘરેણાંની ગરજ સારે છે. જ્યારે અન્ય એક ફેશન ડિઝાઈનર કહે છે કે હીરા-મોતી-રત્નોથી શોભતી હેન્ડબેગ ફેશન સ્ટેટમેન્ટ બની રહે છે. આવી બેગ સાંજની પાર્ટી, વેડિંગ રિસેપ્શન, બ્રંચ પાર્ટી, સંગીત સંધ્યા અથવા અન્ય કોઈપણ ગ્લેમરસ ઈવેન્ટમાં લઈ શકાય. વળી તેમાં કરેલુ રોકાણ ક્યારેય એળે નથી જતું. તમે તેને સંખ્યાબંધ કાર્યક્રમોમાં જુદા જુદા પોશાક સાથે લઈ શકો છો. આવી બેગની ફેશન ક્યારેય જૂની નથી થતી. છેલ્લાં ઘણાં સમયથી આપણા પોશાકમાં ઈન્ડો-વેસ્ટર્ન પેટર્ન ખૂબ પસંદ કરાય છે. પર્સમાં પણ આ ચલણ ચાલ્યું છે. તેથી જ સ્ટ્રેટ લાઈન પર્સીસ ઉપરાંત બૉ-આકારની નાજુક દેખાતી હેન્ડબેગ ખાસ્સી લોકપ્રિય થઈ છે. આપણે ત્યાં જેમ પોટલી આકારના બટવા જાણીતા છે તેવી જ રીતે બૉ-શેપની પર્સ પણ ફેશનેબલ માનુનીઓમાં પ્રિય થઈ પડી છે. એક્સેસરી ડિઝાઈનરો હીરા, નીલમ, માણેક, પીરોજ, પરવાળા જડેલી હેન્ડબેગોમાં મોગલકાળની ડિઝાઈનનો ભરપૂર ઉપયોગ કરે છે. તેઓ પર્સની વચ્ચેનાં ભાગમાં પેઈન્ટિંગ કરીને તેની ચારેકોર અર્ધકિંમતી રત્નો જડીને બે કળાનો સુભગ સમન્વય રચે છે. આ સિવાય મર્યાદિત પ્રમાણમાં રત્નો જડેલી પર્સને બીડેડ ચેન આપીને કિંમતી બનાવવામાં આવે છે. કેટલાંક હેન્ડબેગ ડિઝાઈનરો પર્સના આગળના ભાગમાં આકર્ષક બ્રોચની સજાવટ કરીને તેને ગોલ્ડન ચેન આપે છે. તેઓ ગોલ્ડન મટિરિયલની હેન્ડબેગમાં વિવિધરંગી રત્નો જડેલાં બ્રોચ લગાવે છે. અને તેની સાથે ગોલ્ડન ચેન આપે છે. જ્યારે સિલ્વર મટિરિયલમાં સ્વરોસ્કી અને ઝીણા મોતીની નાની ચેન આપવામાં આવે છે. મધ્યમ કદની આવી હેન્ડબેગ પીઢ વયની મહિલાઓના હાથમાં એકદમ જાજરમાન લાગે છે. વળી તેમાં તેઓ તેમની જરૂરિયાત મુજબની વસ્તુઓ રાખે એટલી જગ્યા હોવાથી તેમના માટે સગવડદાયક બની રહે છે. ક્લચબેગ પર ગણેશજી, લક્ષ્મીજીના પેન્ડન્ટ જેવા પીસ લગાવવામાં આવે છે. અર્ધકિંમતી રત્નો જડેલા આવા પીસ ક્લચ ઉપરાંત પાઉચ પર પણ લગાવવામાં આવે છે. શાટિન અને વેલ્વેટ ફેબ્રિકની હેન્ડબેગ્સમાં પણ વિવિધરંગી રત્નોનું ડેકોરેશન વૈભવી દેખાય છે. ખાસ કરીને મરૂન, બ્રાઉન, ઘેરા લીલા, લાલ, ઘેરા ભૂરા, ઘેરા ગુલાબી જેવા રંગોના ફેબ્રિકમાં આ વર્ક ઉઠી આવે છે.

સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે આવી મોંઘીદાટ હેન્ડબેગ્સમાં એકાદ-બે વસ્તુઓ મૂકવા જેટલી જગ્યા માંડ હોય છે. ખાસ કરીને તેનો ઘરેણાંની જેમ ઉપયોગ કરવાનો હોય ત્યારે તેનો આકાર બહુ નાનો બનાવવામાં આવે છે. આવી હેન્ડબેગ દેખાવમાં તો અત્યંત આકર્ષક લાગે છે. પણ તે માત્ર દેખાવ પૂરતી જ સીમિત રહે છે. બહેતર છે કે તમે એવી હેન્ડબેગ પસંદ કરો જેમાં તમે તમારું ડ્રાઈવિંગ લાઈસન્સ, મોબાઈલ, હેલ્થકેર કાર્ડ, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ, મેડિકલ ઈન્ફર્મેશન, આવશ્યક ઔષધિઓ જેવી વસ્તુઓ મૂકી શકો.

**DISHA RESOURCES LIMITED**

**(FORMERLY KNOWN AS ARIHANT AVENUES AND CREDIT LIMITED)**

**REGD. OFFICE:** 3, RAJESH APARTMENT, B/H. NAVGUJARAT COLLEGE, ASHRAM ROAD, INCOMETAX, AHMEDABAD-380014, **WEBSITE:** www.aacl.co.in

**PHONE: (OFF).** 2754-0790, 27543060 **E-MAIL:** info@aacl.co.in **CIN:** L74110GJ1995PLC024869

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE SECOND QUARTER AND HALF YEAR ENDED ON 30TH SEPTEMBER, 2017.**

**(Rs. In Lakhs)**

| PARTICULARS | Quarter ended on 30.09.2017 (unaudited) | Half Year ended on 30.09.2017 (unaudited) | Corresponding 3 months ended in the previous year 30.09.2016 (unaudited) |
|---|---|---|---|
| Total Income from Operations | 15.91 | 26.47 | 4.16 |
| Net profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 0.87 | (4.10) | (3.22) |
| Net profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 0.87 | (4.10) | (3.22) |
| Net profit/(loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 0.87 | (4.10) | (3.22) |
| Total Comprehensive Income for the period (Comprising Profit/(loss) for the period (after tax) and other comprehensive Income (after tax) | 0.87 | (4.10) | (3.22) |
| Paid-up equity Share Capital | 731.55 | 731.55 | 731.55 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | 175.58 | 175.58 | 174.4 |
| Earnings per Share (of Rs. 10/- each) (for continuing operations) | | | |
| -Basic | **0.01** | **(0.06)** | **(0.04)** |
| -Diluted | **0.01** | **(0.06)** | **(0.04)** |

**Notes:**

1. The above is an extract of the detailed format of Second quarter and Half year unaudited Financial Results filed with the stock exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The Full format of the Unaudited Financial Results is available on the stock Exchange website - www.bseindia.com & on company's website - www.aacl.co.in
2. The above financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 13th November, 2017.
3. The company has adopted Indian Accounting Standard ("IND AS") notified by the Ministry of Corporate Affairs with effect from 1st April, 2017.Accordingly the Financial Result for the Quarter ended on 30th September, 2017 are in accordance with IND-AS and other accounting principles generally accepted in India.

**FOR DISHA RESOURCES LIMITED**
*(Formerly Known As Arihant Avenues And Credit Limited)*

**KRISHNA AWTAR KABRA**
**MANAGING DIRECTOR**
**DIN: 00650817**

**Date : 14.11.2017**
**Place : Ahmedabad**

**SWORD AND SHIELD PHARMA LIMITED**
**CIN: L24231GJ1995PLC024809**
**Registered Office: 55, World Business House, Near Parimal Garden, Ambawadi, Ahmedabad – 380 006**
**Website: www.swordnshieldpharma.com**
**Contact: +91 98250 79759**

**Extract of Un-Audited Financial Results for the quarter and half year ended on September 30, 2017.**

**(Amount in Rs.)**

| Particulars | Quarter ended on 30/09/2017 Un-Audited | Quarter ended on 30/09/2016 Un-Audited | Year Ended on 31/03/2017 Audited |
|---|---|---|---|
| Total Income From Operations | 1,425.00 | 15,200.00 | 885,768.00 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (260,026.00) | (2,448,362.50) | (2,453,122.95) |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (260,026.00) | (2,448,362.50) | (2,453,122.95) |
| Net Profit/(Loss) for the period after tax ( after Exceptional and/or Extraordinary items) | (260,026.00) | (2,448,362.50) | (2,453,122.95) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | - | - | - |
| Equity Share Capital | 51,506,000.00 | 46,619,170.00 | 46,619,170.00 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | (48,836,641.00) | (48,316,285.10) | (47,987,118.55) |
| **Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-** | | | |
| Basic : (not annualized for the quarter ended) | **(0.050)** | **(0.525)** | **(0.476)** |
| Diluted:(not annualized for the quarter ended) | **(0.050)** | **(0.525)** | **(0.476)** |

**Note:-** The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the Bombay Stock Exchange (BSE Ltd.) under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and on the website of the Company.

**For, SWORD AND SHIELD PHARMA LIMITED**
**Sd/-**
**Pravinbhai Patel**
**Managing Director**
**DIN: 01877446**

**Place: Pennsylvania**
**Date: November 14, 2017**